# પંચાયતીરાજ / સ્થાનિક સરકાર

- પંચાયતીરાજનો ઉલ્લેખ ભારતના બંધારણમા ભાગ – 4 : રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો માં **અનુચ્છેદ – 40** માં જોવા મળે છે.
- અનુચ્છેદ – 40 : ગ્રામ પંચાયતોની રચના કરવા માટે રાજ્ય પગલા લેશે અને **સ્વરાજના પાયાના એકમ** તરીકે કામ કરી શકે તે માટે જરૂરી સત્તા અને અધિકાર આપશે.

- **સ્થાનિક સરકાર / સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ**
  - સ્થાનિક સરકાર **ગ્રામિણ**
    - ગ્રામ પંચાયત
    - તાલુકા પંચાયત
    - જિલ્લા પંચાયત
  - સ્થાનિક સરકાર **શહેરી**
    - નગરપાલિકા
    - મહાનગરપાલિકા

- **73મો બંધારણીય સુધારો, 1992** : પંચાયતીને લગતો, **ભાગ – 9** ઉમેરાયો, અનુચ્છેદ 243(A) થી 243(O),
  **અનુસૂચી 11 ઉમેરાઈ જેમા 29 વિષયોનો સમાવેશ કરાયો**

- **74મો બંધારણીય સુધારો, 1992** : નગરપાલિકાને લગતો, **ભાગ – 9(A)** ઉમેરાયો,
  અનુચ્છેદ 243(P) થી 243(ZG),
  **અનુસૂચી 12 ઉમેરાઈ જેમા 18 વિષયોનો સમાવેશ કરાયો**.
- પંચાયતીરાજનો મુખ્ય ઉદ્દેશ્ય **સત્તાનું વિકેન્દ્રીકરણ** કરવાનો છે.
- સૌ પ્રથમ બળવંતરાય મહેતા સમિતિએ ભારતમા **ત્રી- સ્તરીય પંચાયતીરાજ**ની ભલામણ કરી હતી.
- ભારતમા સૌ પ્રથમ પંચાયતીરાજની સ્થાપના **ઈ.સ.1959માં રાજસ્થાનના નાગોર જિલ્લામા** થઈ હતી.
- **ભારતના સ્થાનિક સ્વરાજ્યના પિતા** : **લોર્ડ રિપન**
- ગુજરાતમા **1 એપ્રીલ 1963**ના રોજ તત્કાલીન **મુખ્યમંત્રી જીવરાજભાઈ મહેતા**ના સમયમા પંચાયતીરાજની શરૂઆત થઈ હતી.
- પંચાયતીરાજ માટેની **અશોક મહેતા સમિતિએ દ્વિ-સ્તરીય પંચાયતીરાજની** ભલામણ કરી હતી.
- 20 લાખથી ઓછી વસતિ ધરાવતા રાજ્યમાં તાલુકા પંચાયતની જોગવાઈ નથી.
- પંચાયતીરાજ એ અનુસૂચી – 7માં નિર્દિષ્ટ **રાજ્યયાદી** (કુલ 61 વિષયો) નો વિષય છે.

S P Academy

| વિગત | ગ્રામ પંચાયત | તાલુકા પંચાયત | જિલ્લા પંચાયત |
|---|---|---|---|
| બેઠક (જુની સંખ્યા) | 8 થી 16 (7થી15) | 16 થી 32 (15થી31) | 32 થી 52 (31થી51) |
| વસતિ (જુની સંખ્યા) | 3000 થી 25000 (3000 થી 15000) | 1 લાખ | 4 લાખ |
| બેઠકમા વધારો | દર 3000 એ 2 બેઠક | 25000 એ 2 બેઠક | 1 લાખે 2 બેઠક |
| અનામત બેઠક નક્કી કરનાર | કલેક્ટર | વિકાસ કમિશનર | વિકાસ કમિશનર |
| ચૂંટાયેલા વડા(પદાધિકારી) | સરપંચ | પ્રમુખ | પ્રમુખ |
| મુદ્દત | 5 વર્ષ | 5 વર્ષ | 5 વર્ષ |
| વહીવટી વડા(અધિકારી) | મંત્રી | તાલુકા વિકાસ અધિકારી(TDO) | જિલ્લા વિકાસ અધિકારી(DDO) |
| મહેસૂલી અધિકારી | તલાટી | મામલતદાર | કલેક્ટર |
| ચૂંટણી પછી પ્રથમ બેઠકની તારીખ નક્કી કરનાર | તાલુકા વિકાસ અધિકારી(TDO) | જિલ્લા વિકાસ અધિકારી(DDO) | વિકાસ કમિશનર |
| પ્રથમ બેઠકમા કામગીરી | ઉપસરપંચની પસંદગી | પ્રમુખ / ઉપપ્રમુખની પસંદગી | પ્રમુખ / ઉપપ્રમુખની પસંદગી |
| રાજીનામું | સભ્ય : સરપંચ<br>ઉપસરપંચ : ગ્રામ પંચાયત<br>સરપંચ : તાલુકા પંચાયત | સભ્ય : પ્રમુખ<br>ઉપપ્રમુખ : તાલુકા પંચાયત<br>પ્રમુખ : જિલ્લા પંચાયત | સભ્ય : પ્રમુખ<br>ઉપપ્રમુખ : જિલ્લા પંચાયત<br>પ્રમુખ : વિકાસ કમિશનર |
| રાજીનામાની તકરારનો નિર્ણય કરનાર | સભ્ય અને ઉપસરપંચ : TDO<br>સરપંચ : નાયબ જિલ્લા વિકાસ અધિકારી (Dy.DDO) | સભ્ય અને ઉપપ્રમુખ : DDO<br>પ્રમુખ : વિકાસ કમિશનર | સભ્ય અને ઉપપ્રમુખ : વિકાસ કમિશનર<br>પ્રમુખ : પંચાયત સચિવ |
| પંચાયતની બેઠક | દર મહિને 1 વાર | દર ત્રણ મહિને 1 વાર | દર ત્રણ મહિને 1 વાર |

S P Academy

## <u>ગ્રામ પંચાયત / તાલુકા પંચાયત / જિલ્લા પંચાયત એમ ત્રણેય ને એકસરખી લાગુ પડતી જોગવાઈઓ</u>

- મહિલાઓ માટે અનામત – ૫૦%
- OBC માટે અનામત – 10%
- SC / ST અનામત – વસતિના આધારે
- મુદ્દત – 5 વર્ષ (સામાન્ય સંજોગોમા)
- વિસર્જીત પંચાયતોની ચૂંટણી **<u>છ મહિનામાં</u>** અવશ્ય કરવી અને આવી નવી પંચાયતની મુદ્દત વિસર્જીત પંચાયતની બાકી રહેલી મુદ્દત પૂરતી જ રહેશે.
- ચૂંટણી કરવાની જવાબદારી – રાજ્ય ચૂંટણી પંચ (**<u>તારીખ પણ તે જ નક્કી કરે</u>**)
- ચૂંટણીની તારીખ – પંચાયતની મુદ્દત જે તારીખે પૂર્ણ થાય તે તારીખના બે મહિના પહેલા અને મુદ્દત પુરી થયાના 15 દિવસ પછી ચૂંટણી કરી શકાય નહી.
- પંચાયતની મુદ્દત – પંચાયતની પ્રથમ બેઠકની તારીખથી
- પ્રથમ બેઠક વિજેતા ઉમેદવારોની યાદી જાહેર કર્યાના **<u>ચાર અઠવાડિયામા</u>** મળે છે.
- ઉપસરપંચ/પ્રમુખ/ઉપપ્રમુખની પસંદગીમા સરખા મત પડે ત્યારે આખરી પસંદગી 10 વર્ષથી ઓછી વયના બાળક દ્વારા ચિઠ્ઠી ઉપાડીને કરવામા આવે છે.

- અવિશ્વાસનો પ્રસ્તાવ લાવવા ઓછામા ઓછા **<u>50% સભ્યોનો ટેકો</u>** જરૂરી છે અને અવિશ્વાસનો પ્રસ્તાવ પસાર કરવા **<u>2/3 (66%) બહુમતીની</u>** જરૂર પડે છે.
- કોરમ (ગણપૂર્તી) – 1/3 સભ્યો (ત્રીજા ભાગના સભ્યો)
- ઉમેદવારની લઘુત્તમ ઉમંર – **<u>21 વર્ષ</u>**
- ઉમેદવારી માટેની યોગ્યતા – અસ્થિર મગજનો ન હોવો જોઈએ , નાદાર ન હોવો જોઈએ , **<u>4/8/2005 પછી બે બાળકો ધરાવતો ન હોવો જોઈએ</u>** , ઘરમા શૌચાલય હોવુ જોઈએ , 2 વર્ષથી વધુની સજા થયેલી ન હોવી જોઈએ , સરકારી/પંચાયતનો કર્મચારી ન હોવો જોઈએ.
- 73 મા બંધારણીય સુધારાની જોગવાઈઓ **<u>નાગાલેંડ, મેઘાલય, અને મિઝોરમ</u>** રાજ્યોને લાગુ પડશે નહી.તેમજ મણિપુર રાજ્યના ડિસ્ટ્રીક્ટ કાઉન્સીલ ધરાવતા પર્વતીય વિસ્તારોને અને **<u>બંગાળના દાર્જીલિંગ</u>** જિલ્લાને લાગુ પડશે નહી.
- સામાજિક ન્યાય સમિતિ ત્રણેય સ્તરની પંચાયતમાં **<u>ફરજીયાત</u>** છે જેની મુદ્દત પંચાયતની મુદ્દત જેટલી **<u>(5 વર્ષ)</u>** અને **<u>સભ્ય સંખ્યા 5</u>** રેહેશે.

S P Academy

# <u>અન્ય</u>

- માત્ર ગ્રામ પંચાયતના જ ચૂંટાયેલા વડા (સરપંચ)ની ચૂંટણી લોકો દ્વારા સીધી થાય છે.
- ગ્રામ પંચાયતની ચૂંટણી **<u>પક્ષીય ધોરણે થતી નથી</u>** એટલે ગ્રામ પંચાયતને **<u>પક્ષાંતર ધારો લાગુ પડતો નથી</u>**. તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણી પક્ષીય ધોરણે થાય છે જેને **<u>પક્ષાંતર ધારો લાગુ પડે છે.</u>**
- **<u>ગ્રામસભા એ પંચાયતીરાજ સંસ્થાઓનું બુનિયાદી એકમ છે.</u>**
- "ગ્રામસભા એ પંચાયતીરાજની ગંગોત્રી છે" – ઉછંગરાય ઢેબર (સૌરાષ્ટ્ર રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી)
- "ગ્રામ પંચાયત અને ગ્રામસભા વચ્ચે મંત્રીમંડળ અને ધારાસભા ગૃહ જેવો સબંધ હોવો જોઈએ" – જય પ્રકાશ નારાયણ (**<u>જન્મ તારીખ – 11 ઑક્ટોબર</u>**)
- બંધારણના અનુચ્છેદ **<u>243(A) માં ગ્રામસભાની વ્યાખ્યા</u>** આપવામા આવી છે. – "ગ્રામસભા એટલે ગ્રામ્યસ્તરે પંચાયત વિસ્તારમાં સમાવિષ્ટ ગામને લગતી મતદાર યાદીમાં નોંધાયેલા વ્યક્તિઓનું બનેલુ મંડળ"
- સરકારના 11/7/2001ના પરિપત્ર મુજબ હાલમાં **<u>26-જાન્યુઆરી , 1-મે , 15-ઓગસ્ટ , 2-ઑક્ટોબર</u>** એમ **<u>ચાર વખત</u>** ગ્રામસભા બોલાવવી જરૂરી છે.
- ગ્રામસભામાં કોરમ – મતદારોના 1/10 સભ્યો અથવા 50 સભ્યો બેમાથી જે ઓછા હોય તે.
- સરપંચ પંચાયતનું અંદાજપત્ર નવેમ્બર માસમાં તૈયાર કરીને 15 ડિસેમ્બર સુધીમાં તાલુકાને મોકલવાની સૂચના તલાટી કમ મંત્રીને આપે છે અને પરત આવ્યા પછી 31 માર્ચ સુધીમાં પંચાયત સભામા રજૂ કરાવે છે.
- તલાટી કમ મંત્રીની પરચૂરણ રજા સરપંચ મંજૂર કરે છે.
- તલાટી કમ મંત્રી ગ્રામ્ય વિસ્તારમાં **<u>જન્મ મરણ નોંધણી અધિકારી અને લગ્ન નોંધણી અધિકારીની</u>** ફરજ બજાવે છે.
- તાલુકા પંચાયતના સભ્યોને **<u>ડેલીગેટ્સ</u>** કહે છે.
- મહાનગરપાલિકાના સભ્યોને **<u>કોર્પોરેટર</u>** અને ચૂંટાયેલા વડાને મેયર કહે છે. મેયરની ચૂંટણી **<u>દર અઢી (2.5) વર્ષે</u>** થાય છે.
- નગરપાલિકાના વહીવટી વડા – ચીફ ઑફીસર
- મહાનગરપાલિકાના વહીવટી વડા – કમિશનર

S P Academy